# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

## Shri Govind Guru University

## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

૧૬. વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન અરજીમાં જે વિષય ભર્યા હોય તે વિષયોની જ હાજરી રાખે તથા જે વિષયો શીખવવાની યુનિવર્સિટી દ્વારા મંજુરી મળી હોય તે જ વિષયો વિદ્યાર્થી ભરે તે અવશ્ય ચકાસશો. અન્યથા પરીક્ષામાં મુશ્કેલી ઉભી થાય તો કૉલેજની જવાબદારી રહેશે.

તેમજ બધા જ વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન અરજીઓ નિયત સમયમાં જ યુનિવર્સિટીને પહોંચાડવાની હોવાથી વિદ્યાર્થીઓ વેળાસર રજિસ્ટ્રેશન અરજીઓ ભરે તે ખાસ જોશો.

૧૭. સેમેસ્ટરની શરૂઆતમાં જ કૉલેજ/સંસ્થાના નોટીસ બોર્ડ પર મૂકી વિદ્યાર્થીનુ ધ્યાન દોરવું કે નિયમાનુસાર દરેક સેમેસ્ટરમાં સંપૂર્ણ હાજરી રાખવી આવશ્યક છે, સેમેસ્ટર મંજુર થતા નહિ હોય તો પરીક્ષા પ્રવેશ રદ કરવામાં આવે છે. તેથી હાજરીની બાબતમાં નિયમિતતા રાખવી જરૂરી છે. આ નિયમ દરેક વર્ગમાં સમજાવવો. યુનિવર્સિટીમાં હાજરી પત્રકો સિવાય પરીક્ષા ફોર્મ સ્વીકારશે નહિ અને યુનિવર્સિટી હાજરી માફ કરશે નહિ. જેમના ફોર્મ હાજરીના કારણે રદ કરવાના હોય તેને જુદા સમયે લેખિત નોટીસો આપી જાણ કરવી અને પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા ફોર્મ રદ કરી વિદ્યાર્થીઓને જાણ પણ કરવી. તદઅનુસાર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને ફોર્મ પરત ખેંચવા અંગે બેઠક નંબર સહીત જાણ કરશો.

૧૮. જે વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયું ન હોય તેવા વિદ્યાર્થીઓની હાજરી તેમજ સેમેસ્ટર માન્ય ગણાશે નહિ. સમયસર રજિસ્ટ્રેશન ફોર્મ ના મોકલનાર સંસ્થાના વડાશ્રીની અંગત જવાબદારી ઉભી થશે.

૧૯. જે વિદ્યાર્થીનુ રજિસ્ટ્રેશન થયું નહિ હોય તે વિદ્યાર્થી યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવાપાત્ર થશે નહિ . રજિસ્ટ્રેશન ફોર્મ મોડું પડશે, ભૂલી જવાશે અને વિદ્યાર્થીને નુકસાન થશે તો સંસ્થાના આચાર્યશ્રીઓ/ વડાશ્રીઓ અંગત જવાબદારી ઉભી થશે.

૨૦. અનુસ્નાતક નિયમ અનુસાર રજિસ્ટ્રેશનની મુદત પાંચ વર્ષની છે તે જોતા પ્રવેશ મેળવ્યા બાદ ૫ વર્ષ પુરા થાય ત્યારે રજીસ્ટ્રેશન રદ થાય. આવા વિદ્યાર્થીઓને નવેસરથી રજીસ્ટ્રેશન કરાવીને સેમેસ્ટર મંજુર કરાવ્યા બાદ પરીક્ષામાં બેસી શકે. જેની નોંધ લઇ જો આવા વિદ્યાર્થીઓ હોય તો તેની વિગતો અનુસ્નાતક વિભાગમાં મોકલી આપવા વિનંતી.